જ્ઞાતિ બહેનોએ કરી...મહિલા દિનની વિશિષ્ટ રીતે ઉજવણી

મુંબઈ : શ્રી વડનગરા નાગર મંડળની મહિલા પાંખના ઉપક્રમે હેલ્થ અવેરનેસ, તહેવારોની વિશિષ્ટ રીતે ઉજવણી, ગરબા શણગાર સ્પર્ધા, જન્માષ્ટમીએ કૃષ્ણચરિત્ર પર ભજનો,એકપાત્રીય અભિનય સ્પર્ધા, નાટયપ્રયોગો, વર્ષાપ્રર્યટન જેવા કાર્યક્રમો સાથે બહેનોના બૌધિક વિકાસ અને જ્ઞાતિની આગવી લેખનકલાને પણ પ્રોત્સાહિત કરતી મૌલિક અને સંકલિત લેખન સ્પર્ધા તાજેતરના આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે યોજાય ગઈ. શ્રીમતી જાન્હવીબેન વૈશ્નવના નિવાસ સ્થાને યોજાયેલ કલમકલાની આ સ્પર્ધામાં ૫૫ બહેનોએ ભાગ લીધેલ.આ સ્પર્ધામાં કુ. ખેવના દેસાઈ, જીજ્ઞાસા માંકડ, સર્વ સૌ. સુલેખા બક્ષી, ઉન્નતિ હાથી, ઉન્નતિ વોરા, દીના વછરાજાની ,મૈત્રેયી યાજ્ઞિક, પૂર્વિ મંકોડી, નેહા આચાર્ય,હેમાંગિની જોશીપુરાની કૃતિઓ વિશેષ પ્રશંસનીય રહેલ.આ પ્રસંગે 'લેખિની' ત્રિમાસિક ગુજરાતી સામાયિકના સ્થાપક અને તંત્રી શ્રીમતી મીનળબેન દિક્ષિત ઉપસ્થિત રહી નિર્ણાયક તરીકે પણ સેવા આપી હતી.જેઓએ પ્રાસંગિક વકતવ્યમાં મહિલા પાંખની પ્રવૃત્તિઓના મજબૂત બનતા પાયા માટે ગૌરવ વ્યકત કરેલ. શ્રીમતી વિશાખાબેન પોટાએ અન્ય શહેરોમાં આ પ્રવૃતિનું આયોજન કરી વિશાળ ફલક પર વિસ્તારવા ઈચ્છા વ્યકત કરી હતી જેને મીનળબેને સંમતિસૂચક પ્રતિસાદ આપી ઉત્તમ કૃતિઓને 'લેખિની'માં સ્થાન આપવાની જાહેરાત કરી હતી. આમ નારીશકિતની મહતાથી સભર આ કાર્યક્રમ અલ્પાહારથી સંપન્ન થયો હતો.

ભુજ : શ્રી ક.વ.ના.બ્રા. જ્ઞાતિની મહિલા પાંખ ગાયત્રી મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ભૂતકાળમાં સાહસભર્યા હોદા સંભાળીને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર વડીલ બહેનોનું સન્માન કરવાનો કાર્યક્રમ તા. ૯/૩/૧૦ના રોજ સોમનાથ મહાદેવના સાન્નિધ્યમાં યોજાય ગયો. સ્ત્રીઓ એકલી ઘરની બહાર નીકળતાં પણ ગભરાતી ત્યારે શ્રી ત્રિવેણીબેન શુકલનું પોલીસ ખાતામાં જોડાઇને ઈન્સ્પેકટર તરીકેનો હોદો શોભાવવા બદલ તથા શ્રીમતી દિવ્યપ્રભાબેન પાઠકનું કસ્ટમ ખાતામાં જોડાઈ કસ્ટમ ઈન્સ્પેકટરનો શોભાવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી દિવ્યપ્રભાબેન પાઠકને શ્રીમતી જ્યોતિબેન પાઠક દ્વારા તથા શ્રી ત્રિવેણીબેન શુકલને શ્રીમતી કલ્પનાબેન પાઠક દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સન્માનના પ્રત્યુત્તરમાં બંને મહિલાઓએ તેઓની કારકિર્દી દરમ્યાનના સાહસિક અને વિવિધ અનુભવો રસપ્રદ શૈલીમાં વર્ણવ્યા હતા. અને વર્તમાન સમયમાં બહેનોએ પગભર થવા તથા સમાજ પ્રત્યેનું ૠણ ચૂકવવા આહવાન કર્યું હતું. આભારદર્શનમાં શ્રીમતી નૂતનબેન વોરાએ બંનેના ખંત,નીડરતા, સાહસિકતા, આત્મવિશ્વાસ જેવા ગુણોને બિરદાવ્યા હતા.

શ્રીમતી પૂર્ણિમાબેન પાઠક, જવનિકાબેન પાઠક, આરતીબેન વોરા, ખેવનાબેન પાઠક તથા અન્ય કારોબારીના સભ્યોના સહયોગથી આ વિશિષ્ટ કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

સગપણ સગાઈ : -- રાજકોટના તેજસ મુકેશભાઈ વસાવડાનું સગપણ અમદાવાદ સ્થિત ધ્વનિ નલીનભાઈ બુચ સાથે. -- ગોંડલ સ્થિત અરવિંદભાઈ વિશ્નુલાલ અવાશીયાના પુત્રી રિદ્ધિનું સગપણ ગોંડલ સ્થિત મનોજભાઈ મનસુખરાય બુચના પુત્ર માલવ સાથે. (બંનેના માધ્યમ બરછી)
-- જામનગરના વિધી હેમેન્દ્રભાઈ મંકોડીનું સગપણ મેલબોર્ન ઓસ્ટ્રેલીયા નિવાસી અતુલભાઈ ઓઝાના પુત્ર ચિરાયુ સાથે. -- જામનગરના ડો. પ્રણવ રમેશભાઈ વછરાજાનીનું સગપણ મોરબી સ્થિત ડો. બ્રિન્દા ઉદયભાઈ હાથી સાથે. --અમદાવાદ સ્થિત બિરવા નિગમભાઈ જીકારનું સગપણ ડો. કિન્નર મધુકરભાઈ અવાશિયા સાથે. -- અમદાવાદ સ્થિત વૈશાલી ન્યુટનભાઈ નાણાવટીનું સગપણ ભુજના ગૌરાંગ નલીનભાઈ વછરાજાની સાથે.

શિક્ષણવિદ્ પ્રા. કિરીટભાઈ બક્ષીનો દેહવિલય

સ્વાર્થ માટે તો સૌ જીવે પરંતુ પરમાર્થ કાજે જીવન વ્યતિત કરનારા કેટલાક જ વિરલા હોય છે. જેમાંના એક એવા વડોદરા સ્થિત શિક્ષણકાર પ્રા. શ્રી કિરીટભાઈ યાદવેન્દ્રરાય બક્ષીનો તાજેતરમાં ૭૫ વર્ષની વયે દેહવિલય થયો.

તા. ૧૧/૧૨/૧૯૩૫માં જન્મેલ સ્વ. કિરીટભાઈ બાલ્યાવસ્થાથી જ તેજસ્વી પ્રતિભા ધરાવતા હતા તેથી શૈક્ષણિક કારકિર્દી પણ ઉજ્જવળ રહી. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી માંથી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સાથે એમ.એ.ની પદવી મેળવી. ૧૯૮૦માં એમ.ફીલ. તથા માર્કેટીંગ મેનેજમેન્ટનો ડિપ્લોમા અભ્યાસ પણ કર્યો. આમ સરસ્વતિના સાચા ઉપાસકને ઉંમરનો બાધ નડતો નથી તે સિધ્ધ કરી બતાવ્યું. તેઓ જંબુસર કોલેજમાં જોડાયા જ્યાં ૧૧ વર્ષ ઉપાચાર્ય રહયા તથા ૧૯૭૬થી ૯૬માં તે જ કોલેજમાં આચાર્ય તરીકે આમ ૩૧ વર્ષ એકજ કોલેજમાં નિષ્ઠાભેર ફરજ બજાવી નિવૃત્ત થયા.દરમ્યાનમાં ૮૨ થી ૮૬ દ.ગુ. યુનિ.માં ડીનતરીકે રહયા,સરદાર પટેલ યુનિ.માં અર્થશાસ્ત્ર સમિતિ માં રહયા. સામાયિકો તથા વિદેશોના આર્થિકવિકાસના ઈતિહાસ વિષયક લેખનકાર્યમાં સક્રીય રહયા.'વર્ગ એજ સ્વર્ગ' એ ઉમાશંકર જોષીના કથનને ચરિતાર્થ કર્યા બાદ નિવૃત્તી પછી માદરેવતન વડોદરામાં પણ શિક્ષણ સાથેનો નાતો જારી રાખ્યો અને જાગૃતમંદિરમાં ટ્રસ્ટ તરીકે કાર્યરત રહયા. સત્સંગભવનના રાહતદરે દવાખાના નિર્માણ અને સંચાલન સંભાળ્યું. મુખ્ય વિષય અર્થશાસ્ત્ર પરંતુ સાહિત્યના રસિક તેથી ૧૯૯૮માં જ્ઞાતિને ઉપયોગી માહિતી જેવી કે હાટકેશ્વર મહાત્મ્ય, નાગરોના ગોત્ર, અવટંકો, પેટા જ્ઞાતિઓ, નાગરોની લાક્ષણિકતાઓ,પ્રતિભાવાન હસ્તીઓ વગેરે માહિતીને આવરી એક પુસ્તિકા 'નાગર નવલું નજરાણુ' પ્રકાશિત કરી. વર્ષ ૨૦૦૦માં પરિષદ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ નિર્દેશીકામાં પણ મૂલ્યવાન યોગદાન આપેલ. ઉપરાંત સાક્ષર શ્રી રમણલાલ વસંતરાય દેસાઈની પ્રતિમા મુકાવવામાં તન મન ધનથી શ્રી અરવિંદભાઈ વૈશ્નવ સાથે રહયા હતા.કિરીટભાઈની દરેક પ્રવૃત્તીઓમાં આજીવન સાથ આપી, શિક્ષણના વ્યવસાય સાથે જ સંકળાયેલાં પત્ની શ્રીમતી અતુલાબહેન પણ સાચા અર્થમાં અર્ધાંગિની બની રહયાં તેની પણ નોંધ લેવી ઘટે.

અંતમાં કલમથી આ શ્રધ્ધાસુમન અર્પનાર તેઓના મિત્ર શ્રી રઘુવીરભાઈ ખારોડ લખે છે...

સુખમાં કદી છલકાયા નહીં, દુઃખમાં કદી ડર્યા નહીં,
વ્યવહાર કદી ચૂકયા નહીં ને ધર્મને કદી ભૂલ્યા નહીં...

આમ, બદલાતી જતી પરંપરા સાથે કદમ મિલાવનાર શિક્ષણવિદ્,અચ્છા લેખક અને જ્ઞાતિભાવનાથી સભર સજ્જન સ્વ. કિરીટભાઈનું જીવન માંથી પ્રેરણા લઈએ તે જ તેઓને અંજલિ.

અનંતના યાત્રીઓ : શ્રી પ્રજ્ઞેશ રમણલાલ દેસાઈનું વડોદરા ખાતે. --શ્રી ભાસ્કરરાય ભોગીલાલ માંકડનું ૯૧ વર્ષની વયે વડોદરા ખાતે.--શ્રીમતી સુશીલાબેન દુષ્યંતભાઈ માંકડનું વડોદરા ખાતે.--જામનગર નિવાસી શ્રી ભાસ્કરભાઈ ભોગીલાલ માંકડનું ૯૧ વર્ષની વયે વડોદરા ખાતે અવસાન.--જોધપુરના શ્રી ધીરેન્દ્રભાઈ શીવપ્રસાદ હાથીનું ૭૨ની વયે વડોદરા ખાતે.--શ્રીમતી કાંતાલક્ષ્મી પ્રાણલાલ સ્વાદીયાનું ૯૫ વર્ષની વયે વડોદરા ખાતે.--શ્રીમતી કુંજબાળાબેન વેણીપ્રસાદ વત્સરાજનું ૯૭ વર્ષની વયે મુંબઈ ખાતે.-- પારૂલબેન મહેશભાઈ બુચનું બોરીવલી ખાતે--શ્રીમતી જ્યોત્સનાબેન(ઝરણાબેન)મનહરભાઈ વૈશ્નવનું ૭૧ વર્ષની વયે સુરત ખાતે.--શ્રી જનાર્દનભાઈ હિંમતલાલ બક્ષીનું અમદાવાદ ખાતે.--શ્રીમતી વસુમતિબેન કુમુદલાલ દેસાઈનું ૭૯ વર્ષની વયે અમદાવાદ ખાતે.--શ્રી કાંતીલાલ કૃષ્ણલાલ વસાવડાનું૮૮ વર્ષે ગાંધીનગર ખાતે.--ગં. સ્વ. ઉષાબેન સેતુભાઈ બક્ષીનું ગાંધીનગર ખાતે -- શ્રીમતી રક્ષાબેન ભરતભાઈ માંકડનું રાજકોટ ખાતે.--શ્રી મહેશભાઈ વીરપ્રસાદ દેસાઈનું ૮૦ વર્ષની વયે રાજકોટ ખાતે.--શ્રી પ્રકાશભાઈ હરસુખભાઈ દેસાઈનું ૫૮ વર્ષની વયે રાજકોટ ખાતે.--માંડવીના શ્રી મહેશ રસીકલાલ અંતાણીનું ૫૫ વર્ષની વયે મુંબઈ ખાતે. શ્રીમતીબેન ડોલરવદન વ્હોરાનું ભાવનગર ખાતે.

ફરી શરૂ થઈ રહી છે કોલમ... આવો, જ્ઞાતિ તબીબને મળીએ...

એક સમયે 'બરછી'માં ' આવો, જ્ઞાતિ તબીબને મળીએ' નામથી કોલમ શરૂ કરેલ. જ્ઞાતિના નિષ્ણાત ડોકટરોનો આ કોલમમાં પરિચય કરાવેલ, થોડાં વર્ષો પહેલાં ડોકટર ઓછા હતા, રોગ પણ. પરંતુ આજે નવી પેઢીના એકસપર્ટ ડોકટર્સ તૈયાર થઈને જોડાઇ રહયા છે, મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, સંસ્થાઓની હોસ્પિટલોમાં પણ કાર્યરત છે, ઉપરાંત આજે જ્ઞાતિજનો ઠેરઠેર ફેલાઇ રહયા છે તેમજ બરછીનો વ્યાપ (સરકયુલેશન..!) પણ આજે ઘણો વિસ્તરેલ છે. મેડીકલ ટુરીઝમનો પ્રસાર વધતાં બરછીની વેબસાઇટ દ્વારા પણ દેશ પરદેશના જ્ઞાતિજન અને ડોકટર બંનેના લાભાર્થે આ કોલમ ફરીથી શરૂ કરી રહયા છીએ. આ કોલમમાં કોઈપણ ફેકલ્ટીના એમ.ડી., એમ.એસ., સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે. આ કોલમ દ્વારા લાભ લેવા-આપવા માંગતા તબીબોને જે કંઈ માહિતી આપવા ઈચ્છુક હોય તે સંપૂર્ણ વિગત પોતાના લેટરહેડમાં સુવાચ્ય અક્ષરે લખી/ટાઇપ કરાવી કાર્યાલયને મોકલી આપવા ઇજન છે. અથવા ઇ-મેઇલથી (વર્ડ પ્રોગ્રામમાં) ગુજરાતીમાં ટાઇપસેટીંગ કરાવી 'ફોરવર્ડ' કરી શકે છે. સ્થળની અનુકુળતા મુજબ અથવા એકસાથે પ્રકાશિત કરવામાં આવશે.

દીપક વૈશ્નવ યુનિ.માં બીજે સ્થાને

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નિરંતર શિક્ષણ કેન્દ્ર અને ડીવાઇન ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોલી સ્ટાફ નર્સિંગ ટ્રેનીંગની પરીક્ષામાં રાજકોટના દીપક મહેશભાઈ વૈશ્નવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવી ઉત્તીર્ણ થયા.

<u>પુસ્તક પરિચય</u> : પંચામૃત લે. હિમાંશુ રાણા, 'વરેણ્યમ્' યોગીનિકેતન પ્લોટ, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ. ફોન : ૬૫૯૦૫૭૫ - પૃષ્ઠ : ૧૦૦ - આહૂતિ મૂલ્ય : ૫૦/-

રાજકોટ સ્થિત હિમાંશુભાઈ રાણા વ્યવસાયે સિવિલ એન્જીનીયર તેથી લોખંડ, સીમેન્ટ સાથે પનારો છતાં ઋજુ પ્રકૃતિના તેથી વાંચન સાથે આધ્યાત્મ, ચિંતનમાં ઊંડા રસને કારણે પોતાના વાંચનમાં આવેલ સૌના ઊર્ધ્વગામી જીવન માટે પ્રેરક એવા સ્વામી વિવેકાનંદ, રવિન્દ્રનાથ ટાગોર,મા શારદામણિ, ખલિલ જીબ્રાન, રજનીશજી, શ્રીરામ શર્મા,ગાંધીજી જેવા સંતો, લેખકો, કવિઓ, ચિંતકોના લેખો-કાવ્યો - આધ્યાત્મિક ચિંતન સાથે પોતાના ચિંતન વિચારોનો સંગ્રહ 'પંચામૃત' નામક પુસ્તક રૂપે પ્રસિધ્ધ કર્યો. ૭૦ કૃતિઓ અને ૧૦૦ પૃષ્ઠના આ પુસ્તકનું મૂલ્ય રૂા. ૫૦ રાખેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે માનવતાવાદી હિમાંશુભાઈએ આ પુસ્તક વેચાણની પૂરી રકમ સમાજસેવામાં સૌની આહૂતિ રૂપે જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડશન, થેલેસેમીયા પીડીત બાળકો માટે કાર્યરત સંસ્થા તથા રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે નિ:સ્વાર્થ ભાવથી અનેકવિધ સેવામાં રત જ્ઞાતિબંધુને સરખેભાગે આપવાનો નિર્ધાર કરેલ છે. 'પંચામૃત'નું આચમન કરી સત્કર્મમાં નિમિત્ત બનવા જેવું ખરૂં !

પરીક્ષાના પરિણામો :

ટી. વાય. બી.કોમ.

નીતીશ રાજીવ વૈશ્નવ રાજકોટ પ્રથમ વર્ગ
કવિતા સનત ઝાલા,રાજકોટ ૭૧ %
સ્તુતિ વદનભાઈ ઢેબર જામખંભાળીયા ૭૨ %
ખુશાલી ઉત્કલ વૈશ્નવ રાજકોટ પ્રથમ વર્ગ
આનલ ધવલ અવાશિયારાજકોટ દ્વિતીય વર્ગ
કૃણાલી નરેશભાઈ બુચ રાજકોટ પ્રથમ વર્ગ

બી.ઇ.

- કુ. ખ્યાતિ અવનીશ ધોળકિયા-
આઇ.ટી. સેમે. ૭માં ડીસ્ટીંગ્શન રાજકોટ
- આલાપ હિમાંશુ બક્ષી
ઈ.સી. સેમે. ૭ પ્રથમ વર્ગ જૂનાગઢ

એમ.ઇ. (સિવિલ)

કુ. વનશ્રી ઋષીકેશભાઈ ઘોડા ડીસ્ટીં. જૂનાગઢ

એમ.એસ.સી. (આઇટી)સેમે.૧ પ્રથમ વર્ગ
કુ. ધારણા રાજેન્દ્રભાઈ ઓઝા પોરબંદર

શ્રી હાટકેશ્વરો જયતુ !

ઉજવ્યો ઉમંગથી સહુએ સાથે મળી
હાટકેશ પાટોત્સવ મહાઉત્સવ ગણી,
ધારણ કરી શ્વેત ઝભ્ભા,લાલ પીળાં પિતાંબરો-
અને ભાલે ચંદન ભષ્મ ત્રિપૂંડ ધરી.
પુષ્પ, ચંદન, બિલ્વપત્રને દૂધ જળની ધારા વહી
રૂદ્રાભિષેક યજ્ઞ પ્રજવલ્યો જયહાટકેશની સ્તુતિ સહી.
નાદ ઉઠયો ગગનભેદી...નમઃ પાર્વતીપતયે,
હર હર હર મહાદેવ હર...અને
મહાપ્રસાદ ગ્રહણ કર્યો
પ્રસન્નચિત્તે ભકિત ભાવથી.
આપ લે થઈ સહૃદય ખબર અંતર,
બઢતી બદલી અને શુભેચ્છાઓની
આગળ વધ્યો ધીમે ધીમે પૂર્ણાહુતિ ભણી.
સંકલ્પ કરીએ પ્રતિદિનને પ્રાકટયોત્સવ ગણી,
ભકિત અવિરત કરીએ શ્રી હાટકેશ તણી.

- હર્ષદ જી. વસાવડા, અમદાવાદ.

પરિણામો સાથે ફોટા : જ્ઞાતિજનોની લાગણીને માન આપી તેઓના હિતાર્થે કોઈપણ પોસ્ટગ્રેજ્યુએટ ડીગ્રીની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન/જે પરીક્ષામાં ગ્રેડ આપવામાં આવતો હોય તો તે મુજબના ગ્રેડ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના પરિણામ ફોટા સાથે છાપવામાં આવે છે. મેટર સાથે ફોટો અને ફોટાના પ્રોસેસ ખર્ચ પેટે રૂા. ૫૦/- કાર્યાલયે સીધા જ રૂબરૂ કે કુરીઅર મારફત મોકલવાના રહેશે.

-- ફોટા વગર નામ-પરિણામ કે અન્ય કોઈપણ સમાચારો વિનામૂલ્યે છાપવામાં આવે છે.
-- પરિણામો/ટૂંકા સમાચારો ફોનથી પણ લખાવી શકો છો.
-- દરેક પત્રમાં આપનુ નામ સરનામુ ફોન નંબરઅચૂક લખશો.
-- પરિવારજનોના નામ-વિગત સાથે 'ઋણસ્વીકાર' કે 'શ્રધ્ધાંજલિ' **જાહેરખબર**(પેઇડ) તરીકે પ્રસિધ્ધ કરવામાં આવે છે. વિશેષ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરશો. -તંત્રી.

સરનામું નોંધી લેશો...બરછી કાર્યાલય, સંજોગ, હરિહર સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ.
e mail : barchhi@radiffmail.com Ph. 91+0281- 2453063

-.-.- લગ્નવિષયક જાહેરાત -.-.-

(બરછીના ગ્રાહકોને સવારે ૧૨ થી ૧ અને સાંજે ૫ થી ૬ દરમ્યાન ફોન નં. ૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી જે તે ક્રમનંબરના ફોનનંબર આપવામાં આવે છે. આપ ગ્રાહક થવા ઈચ્છતા હો તેમજ ફોટા સાથે માહિતી મુકવા ઈચ્છતા હો તો કાર્યાલયનો ઉપરના ફોન નંબર ઉપર સંપર્ક કરશો. વેબસાઇટ જોયા બાદ જ્ઞાતિજનોની પૂછપરછ વધી રહી છે. - તંત્રી)

(૧) બી.ઇ. (આઇટી) એમબીએ.,જ. ૩/૧૯૮૩, એચસીએલ ઇન્ફો. નોઇડા ખાતે નોકરી કરતા ગોપાલસ્ય ગોત્રના નિર્દોષ માંગલિક યુવકને ઉચ્ચ/સમકક્ષ કન્યા.

(૨) બી.ઇ. (આઇસી) જ. ૯/૧૯૮૨ ઉચ્ચ હોદે નોકરી કરતા યુવકને કન્યા.

(૩) એમ.સી.એ., જ. ૮/૧૯૮૪, ૫'.૭" ઉંચાઈના સોફ્ટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા ઔક્ષણસ ગોત્રના માંગલિક યુવકને યોગ્ય કન્યા.

(૪) એમ.ફિઝીયો. જ. ૧૧/૧૯૮૨, ૫'.૭" ઉંચાઈના પોતાનું કલીનીક ધરાવતી કાપિષ્ટ ગોત્રની માંગલિક કન્યાને યોગ્ય યુવક.

(૫) એમ.કોમ.(પા.૧)જ. ૩/૮૫,૫'.૧"ઉંચાઈ,નોકરી કરતી શરમન ગોત્રની કન્યાને યુવક. સંપર્ક: ૦૨૮૩૨-

(૬) બી.એ. (સંસ્કૃત) જ. ૩/૧૯૮૪, ૫'.૨" ઉંચાઈની વત્સપાલસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક: ૦૨૮૩૩-

(૭) નોન મેટ્રીક, ૨૩ વર્ષ, ૫'.૨" ઉંચાઈના ગાંધીધામ ખાતે સુપરવાઈઝર તરીકે નોકરી કરતા યુવકને કન્યા.

(૮) નોન મેટ્રીક, જ. ૧/૧૯૮૫, ૫'.૪" ઉંચાઈના ગાંધીધામ ખાતે મીકેનીક તરીકે નોકરી કરતા યુવકને કન્યા.

(૯) બી.કોમ., જ. ૧૯૮૫, ૫'.૨" ઉંચાઈની ગાંગ્યાનસ ગોત્રની મુંબઈ સ્થિત કન્યાને યુવક. સંપર્ક:

(૧૦) એમ.એ.,(પા.-૧)પીજીડીસીએ.,જ. ૧૦/૧૯૭૮, ૫.'૪" ઉંચાઈની નોકરી કરતી, માંગલિક કન્યાને યોગ્ય યુવક.

(૧૧) બી. કોમ., જ. ૭/૧૯૮૪, ૫'.૧૦" ઉંચાઈના ખાનગી કંપનીમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા.

(૧૨) ડીપ્લોમા ઈલે. જ. ૭/૧૯૮૬, ૫'.૨" ઉંચાઈના નોકરી કરતી કન્યાને યુવક.

--------------------નિમણુંક-બદલી-બઢતી --------------------

- બેલીંગહામ(યુ.એસ.) ખાતે શ્રી તેજસ કૌટિલ્યભાઈ બક્ષીને 'ફિડાલીટી' કાં.માં ત્રીજું પ્રમોશન મળ્યું.
- ન્યુયોર્ક ખાતે બેંક ઓફ અમેરીકામાં છેલ્લા આઠ વર્ષથી સીકયુરીટી સોફ્ટવેર ડીવીઝનમાં કાર્યરત શ્રી શાલીન મહેશકાંત વસાવડાએ વી. પી. તરીકે બઢતી મેળવી.
- રાજકોટના હર્ષલ વિભાકર અંજારીયા (સી.એ.) ONGC પેટ્રો. લી.માં નવી દિલ્હી ખાતેની કોર્પોરેટ ઓફીસમાં સિનિયર એકઝીકયુટીવ તરીકે નીમાયા.
- જૂનાગઢના દર્શન અમીષભાઈ વૈશ્નવ નીરમા યુનિવર્સિટીમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા.
- જૂનાગઢના પ્રતિક જતીન નાણાવટી જીસેટ વીવીનગરના કેમ્પસ ઈન્ટરવ્યુમાંથી વડોદરા ખાતેની ટ્રાન્સપેક કાં.માં પસંદગી પામ્યા.
- શ્રી ભાવીન પી. આચાર્યને ભુજ ખાતેએકસેલ ક્રોપકેરમાં મેનેજર એચ.આર. તરીકે બઢતી મળી.
- ભુજના વિમીર દિવ્યાન્શુ ધોળકિયા રેણુકા સુગર કંપનીમાં જોડાયા.
- ભુજના દર્શ નીલેષ હાથી પવન સિમેન્ટ પાલનપુર ખાતે જોડાયા.

ડાયાબીટીસ અંગેની ખોટી માન્યતાઓ

ડૉ. જતીન દેસાઈ, એમ.ડી. (મેડીસીન)જામનગર

(૧) ગળ્યું ખાવાથી ડાયાબીટીસ થાય :

આ માન્યતા સદંતર ખોટી છે. સામાન્ય માણસમાં ઈન્સ્યુલીનનું પ્રમાણ પુરતું હોઇ ગળ્યું ખાવામાં આવે તો પણ લોહીમાં સ્યુગરનું પ્રમાણ જળવાઇ રહે છે. આથી ગળ્યું ખાવાથી ડાયાબીટીસ થતો નથી પણ એથી ઉલ્ટું સાચું છે કે ડાયાબીટીસ હોય તેણે ન ખવાય.

(૨) ડાયાબીટીસ મટી શકે છે ! :

ના, એકવાર ડાયબીટીસનું સાચું નિદાન તેના નિષ્ણાત પાસે થાય પછી પરેજી કે દવાથી કે ઈન્જેકશનથી તેને કાબુમાં રાખી શકાય છે પરંતુ મટાડી શકાતું નથી. ડાયાબીટીસના દર્દીએ પરેજી કે જરૂરી હોય તો દવા કે ઈન્જેકશન કાયમ માટે ચાલુ રાખવા પડે છે. ડાયાબીટીસને કારણે જ્યારે કિડની બગડી જાય ત્યારે ઈન્સ્યુલીનનો શરીરમાં ભરાવો થવાથી દવા/ઈન્જેકશન ઓછા અથવા તો બંધ કરવા પડે છે અને કંઈપણ દવા/ઈન્જેકશન વગર લોહીમાં સ્યુગરનું પ્રમાણ નોર્મલ આવે છે. આવા દર્દીઓને ડાયાબીટીસ મટી ગયું એમ લાગે છે પરંતુ ખરેખર ત્યાં સુધીમાં ડાયાબીટીસે દર્દીઓની કિડનીનો ભોગ લઈ લીધો હોય છે.

(૩) ડાયાબીટીસ ફક્ત મોટી ઉંમરે જ થાય છે ! :

આ માન્યતા સદંતર ખોટી છે. આ રોગ ૮ થી ૨૦ વર્ષની અંદર પણ થઈ શકે છે. આ ઉંમરે થતા ડાયાબીટીસમાં ફક્ત ઇન્સ્યુલીનના ઈન્જેકશન જ કામ આવે છે. બીજા કોઈપણ જાતની દવા/પડીકીઓ વગેરે વાપરવા જતાં દર્દી ડાયાબીટી કોમામાં પણ જઈ શકે છે. જે જીવલેણ પણ બની શકે.

(૪) મને કોઈ તકલીફ નથી મને ડાયાબીટીસ કયાંથી હોય ! :

મોટી ગેરસમજ ! ડાયાબીટીસના શરૂઆતના તબકકામાં શારિરીક તકલીફ એટલી બધી થતી નથી એથી દર્દીને જ્યારે ડાયાબીટીસનું નિદાન કહેવામાં આવે ત્યારે આશ્ચર્ય થાય છે. મોટાભાગના ડાયાબીટીસના દર્દીનું નિદાન નાનુ મોટું ઓપરેશન કરવાનું આવે ત્યારે ઓપરેશન પહેલાની લોહીની તપાસ વખતે જ થાય છે. ઘણા દર્દીઓ સર્જન માથે ઢોળતા એમ કહેતા હોય છે કે 'મને તો કંઈ નહોતું આ સાહેબે ડાયાબીટીસ કાઢયું !'

(૫) વજનતો મારૂં પહેલેથી જ આટલું છે ! વજનને કારણે કંઈ નથી સાહેબ ! :

ઘણા દર્દીઓને જ્યારે વજન ઘટાડવાનું કહેવામાં આવે ત્યારે તેઓની આ દલીલ હોય છે. ડાયાબીટીસ અને વધારે વજનને સીધો સંબંધ છે, ખાસ કરીને જેઓને વારસાગત ડાયાબીટીસ થઈ શકે તેમ હોય તેઓ વજન પ્રમાણસર રાખે તો ડાયાબીટીસને અટકાવી કે ત્રણ ચાર વર્ષ પાછળ ધકેલી શકાય.

(૬) ઈન્જેકશન નથી લેવા સાહેબ ! પછી એની ટેવ પડી જાય ! :

તદ્દન ખોટું. ડાયાબીટીસનું પ્રમાણ ખુબજ વધી જાય અથવા તો નાનપણનો ડાયાબીટીસ હોય તેવા દર્દીઓને ઈન્સ્યુલીનના ઈન્જેકશન જરૂરી હોય છે. જે દર્દીઓના શરીરમાં ઈન્સ્યુલીનની માત્રા ઓછી અથવા તો અસરકારક ન હોય તો તેની પૂર્તતા કરવા માટે ઈન્સ્યુલીનના ઈન્જેકશન અપાતા હોય છે એટલે ખામી પૂરવાની વાત છે, ટેવનો પ્રશ્ન નથી.

(૭) ઈન્સ્યુલીનની ગોળી આપોને ! :

એ શકય નથી કારણ કે ઈન્સ્યુલીન એક જાતનું પ્રોટીન છે. જઠરમાં જતાં બીજા ખોરાકની જેમ પચી જાય છે અને તેની અસરકારકતા રહેતી નથી. તેથી તેના ઈન્જેકશન જ આપવાં પડે.

(૮) ડાયાબીટીસના દર્દીઓએ ભાત, બટેટા બંધ કરવા જોઈએ :

આ માન્યતા ખોટી છે. ભાત અને બટટામાં મુખ્યત્વે સ્ટાર્ચ હોય છે. જેનું પાચન થતાં ગ્લુકોઝ બને છે. જેને કોમ્લેક્ષ કાર્બોહાયડ્રેટ કહે છે. આ પ્રક્રિયા ધીમે ધીમે થતી હોવાથી લોહીમાં સ્યુગરનું પ્રમાણ વધી જતું નથી તેથી ભાત બટેટા ખાવાનું બંધ કરવાની જરૂર નથી. હા, પણ એનો અર્થ એવો નથી કે ભાત બટેટાનો મારો કરવો ! પ્રમાણસર કેલરીની જરૂરીયાત મુજબનો ત્રણ કે ચાર કટકે લેવાતો ખોરાક ડાયાબીટીસને કાબુમાં રાખવામાં મદદ કરે છે.

(૯) પગમાં નાનકડો ઘા છે તે તો મલમ લગાડીશું તો મટી જશે !

ડાયાબીટીસના દર્દીઓએ પગની ખાસ કાળજી લેવી જરૂરી છે. પગમાં લાગેલ નાનકડો ઘા પણ ખુબજ ઝડપથી વકરે છે. તેમાં ચેમ લાગતાં કયારેક પગ કપાવવા સુધીની નોબત આવી શકે છે.

(૧૦) તમે કહો છો કે હાર્ટ એટેક છે પણ મને તો છાતીમાં જરાપણ દુખતું નથી ! :

હા, આમ થવું શકય છે. લાંબા સમયના રોગને કારણે ચેતાતંત્ર બધીર થઈ જાય છે. આથી દુખાવાની સંવેદના મગજ સુધી પહોંચતી નથી એટલે દર્દીઓને દુખાવા વિના હાર્ટએટેક આવી શકે છે. જેને 'સાયલન્ટ હાર્ટએટેક' કહે છે.

અ.ભા.ના. પરિષદ દ્વારા યાત્રા-પ્રવાસ યોજાયો

અ.ભા.ના. પરિષદ રાજકોટ શાખા દ્વારા તા. ૩/૩/૧૦થી ૧૫/૩ સુધી શ્રી જગન્નાથપુરી,કોલકતા, ગંગાસાગરના યાત્રા-પ્રવાસનું આયોજન થઈ ગયું. જેમાં ૬૬ જ્ઞાતિબંધુઓ જોડાયેલ. તા.૩ના રોજ શરૂ થયેલ યાત્રા તા.૫ના રોજ પુરી પહોંચેલ. રસ્તામાં શ્રી પ્રકાશભાઈ ખારોડ તથા હેમાંગભાઈ નાણાવટી તથા આઠેક જ્ઞાતિ કાર્યકરો દ્વારા ભોજન વ્યવસ્થા ગોઠવાયેલ. તેવી જ રીતે નાગપુરમાં શ્રી ભારતેન્દુ દેસાઈએ અને વળતાં ભિલાઈમાં પણ એક બંધુએ ભોજન વ્યવસ્થા કરી આપેલ.

એક માસ અગાઉથી પુરી કલકતા જઈ ગોઠવી આવેલ વ્યવસ્થા મુજબ સ્ટેશનેથી હોટલ સુધીની બસ વ્યવસ્થા, હોટલ વ્યવસ્થા ગુજરાતી ભોજન વ્યવસ્થા સાથે જગન્નાથજી દર્શન, પુરી આસપાસના વિસ્તારો કોણાર્ક મંદિર, ચિલકા લેક, નંદનકાનન ગાર્ડન, સફારી,ધૌલગીરી, ઉદયગીરી,લીંગરાજ મંદિર (ભુવનેશ્વરી) જોયા અને સાગરબીચ ઉપર ફરવાનો આનંદ માણેલ.

તા. ૮/૩ના રાત્રે નીકળી ૯/૩ કોલકતા પહોંચ્યા. જ્યાં ભવાનીપુરમાં ગુજરાતી સમાજ તથા લક્ષ્મીનારાયણ મંદિર આવાસમાં રહેવા-જમવાની વ્યવસ્થા સાથે તા. ૧૩ સુધી કલકતામાં રહયા. લોકલ બજાર,ખરીદી બાદ તા. ૧૧/૩ના રોજ સાઇટસીનમાં બેલુરમઠ,દક્ષિણેશ્વર,કાલીઘાટ,વિકટોરીયા મેમોરીયલ,સાયન્સ સીટી વગરે જોયાં. તા. ૧૨ના રોજ સવારે ૬ : ૩૦ વાગ્યે ગંગાસાગર જવા નીકળ્યા. ૨૧૦ કિ.મી.ની બસની મુસાફરી બાદ કયુબેડિયાથી લોંચમાં ૨૦ મીનીટમાં સામા કિનારે પહોંચ્યા બાદ ફરી વાહન દ્વારા ૩૫ કિ.મી.ના પ્રવાસે ગંગાસાગર પહોંચ્યા. આ જગ્યાએ શ્રી મહાપ્રભુજીની બેઠક છે.ગંગા નદીનો પવિત્ર સંગમ તીર્થમાં સ્નાન કર્યા બાદ ભોજન લઈ કલકતા પરત ફરેલ.

થોડી અગવડ, અડચણો વચ્ચે પ્રવાસ તા. ૧૫/૩ના રોજ સુખરૂપ સંપન્ન થયેલ.

(સંસ્થા તરફથી દરેક સ્થળોની હોટલ ગુજરાતી સમાજના સરનામા ફોન નંબર મળેલ છે કયારેક યથાવકાશે બરછીમાં પ્રકાશિત કરીશું.)

ઉત્કર્ષ સ્વાદીયા – (ICWAI)

અમદાવાદ સ્થિત શ્રી ઉમાકાન્તભાઈ તથા શ્રીમતી કામાક્ષીબેન સ્વાદીયાના પુત્ર પ્રો. ઉત્કર્ષ સ્વાદીયા કોસ્ટ એકાઉન્ટન્ટની પરીક્ષા (ICWAI)માં ઉત્તીર્ણ થયા. હાલ તેઓ અમદાવાદ ખાતે જે. જી. કોમર્સ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપી રહયા છે.

કુ. વિધી મંકોડી – (ICWAI)

જામનગરનાં કુ. વિધી હેમેન્દ્રભાઈ મંકોડીએ ડીસેમ્બર-૨૦૦૯માં લેવાયેલ ICWAI ની ફાઇનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. તેણીએ ચારેય ગ્રુપની પરીક્ષાઓ પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ કરેલ છે.

નીરજ નાણાવટી – (PGSEM)

મૂળ જૂનાગઢના સ્વ. શ્રી નવનીતલાલ છગનલાલ નાણાવટીના પૌત્ર અને સ્વ. શ્રી મુકુંદરાય પુંજારામ જીકારના દોહિત્ર તે શ્રી ચંદ્રવદનભાઈ તથા શ્રીમતી ઈશ્વરીબેનના પુત્ર નીરજ ચંદ્રવદન નાણાવટીએ બેંગલોર સ્થિત ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ માંથી પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સોફટવેર એન્ટરપ્રાઇઝ મેનેજમેન્ટ (PGSEM)ની પદવી મેળવી. શ્રી નીરજ નાણાવટી ૧૯૯૮માં IIT કાનપુરથી M.Tech.ની પદવી મેળવ્યા બાદ બેંગ્લોર ખાતે મોટોરોલા ઈન્ડીયામાં જોડાયેલ અને હાલમાં તેઓ અને તેમના પત્ની શ્રીમતી રીતુબેન (M.Tech.)-દંપતી- આ જ કંપનીમાં પ્રિન્સીપાલ સ્ટાફ એન્જીનીયર તરીકે ફરજ બજાવી રહયાં છે.

કુ. ડો. દિપલ વૈશ્નવ – એમ.એસ. ડેન્ટલ સર્જરી

જૂનાગઢના જાણીતા ઓર્થોપેડિક સર્જન ડો. મુકેશ ડી. વૈશ્નવ અને શ્રીમતી કલ્પના વૈશ્નવનાં પુત્રી કુ. ડો. દિપલ વૈશ્નવ જાન્યુઆરી-૨૦૧૦માં લેવાયેલ માસ્ટર્સ ઓફ ડેન્ટલ સર્જરીની પ્રોસ્થોડોન્ટીકસ બ્રાન્ચમાં ઉત્તીર્ણ થયાં. હાલમાં તેઓ અમદાવાદ ખાતે કર્ણાવતી ડેન્ટલ કોલેજમાં સિનિયર લેકચરર તરીકે જોડાયાં છે.

વડોદરામાં હાથીમેળો !

અખિલ ભારતીય નાગર પરિષદના ભૂતપુર્વ પ્રમુખ સ્વ. કાંતિલાલ હાથીના ઉદ્યોગપતિ પુત્ર માલ્વિક હાથી તથા ડો. રાજેન્દ્ર કે. હાથીના ઘનિષ્ઠ પ્રયાસોથી વડોદરાના તમામ નાગર હાથી પરિવારોનો પારિવારીક મેળો પરસ્પર પરિચય કેળવવા અને આગવી પ્રતિભાઓને પ્રકાશમાન કરવાના શુભ હેતુથી તાજેતરમાં સુભાનપુરાના ભાઈલાલભાઈ પાર્ટી પ્લોટ ખાતે ૬ થી ૧૦માં યોજાય ગયો.જેમાં ગામે ગામના વડોદરા સ્થિત ૨૨ હાથી પરિવારોએ ઉલ્લાસભેર ભાગ લીધેલ. કુળદેવી બરાળદેવી તથા હાટકેશ્વર દાદાની તસ્વીર સન્મુખ કુટુંબના વડીલોએ મંગળદીપ પ્રગટાવી કાર્યક્રમ ખુલ્લો મુકેલ. વડનગર ખાતે તાનારીરી મહોત્સવમાં ભાગ લઈ આવેલા ૭ વર્ષની વયના ચિ. કલ્પ મહેશભાઈ હાથીએ શાસ્ત્રીય ઢબે તબલા વાદન કરી સૌને ખુશ કરી દીધાં.ઇ-ટીવી 'વાહ ભાઈ વાહ'ના હાસ્યકલાકાર તથા સંદેશ લાફટર ચેમ્પીયન, આયુર્વેદ તજજ્ઞ ડો. રાજેન્દ્ર કે. હાથીએ હાસ્યનું મહત્વ,પ્રકાર જણાવી હાસ્યગીતો,હાસ્ય કસરતો રજૂ કરી સૌને મનોરંજન પૂરૂં પાડેલ. શ્રી માલ્વિક હાથીએ પધારેલ હાથી પરિવારના આભાર બાદ પ્રીતિભોજનને અંતે સૌ હાથીઓ છૂટા પડેલ.

પાટોત્સવ ઉજવણીની પરંપરા જાળવતા ગામે ગામના નાગરો...

ચૈત્ર સુદ-૧૪ તે તા. ૨૯/૪/૧૦નો દિવસ સમસ્ત જ્ઞાતિ માટે વિશિષ્ટ દિવસ હતો.જે દિવસ હતો આપણા ઈષ્ટદેવ હાટકેશ્વરનો પ્રાકટયોત્સવ દિન. જળવાઇ રહેલ પરંપરા મુજબ પાટોત્સવ નિમિત્તે નાના ગામ કે મોટાં શહેરોમાં લઘુરૂદ્ર, પૂજન અર્ચન, શોભાયાત્રા અને સમૂહભોજન દ્વારા ઉલ્લાસભેર ઉજવણી થઈ. આશરે ૩૦ વર્ષ પહેલાંના ફલેશબેકમાં જઈએ...ગમશે. મોટાં વાગોળશે.

અગાઉના સમયમાં 'નાત' થતી નાત એટલે સમસ્ત જ્ઞાતિના દરેક કુટુંબોના દરેક સભ્યોની ઉપસ્થિતિ. અગાઉ તો નોકરીયાત વર્ગ જ એટલે ટૂંકા પગાર,સંયુકત કુટુંબ તેથી જવાબદારી વધુ તેમ તે પણ કપરો કાળ હતો છતાં નાત-જ્ઞાતિ-માટે દિલાવરી હતી...સૌના યથાયોગ્ય અનુદાનથી આખી નાત જમતી અને વધુ ખર્ચ થાય તો મોટા ડોકટર, વકીલ કે અગ્રગણ્ય નાગર આ ખર્ચ ઉપાડી લેતા. કાર્યકરો જાય એટલે રકમ આપી દેતા. તે પણ નામના મોહ વગર ! કહે છે કે પાંચ છ દાયકા પહેલાં કોઈ એક વ્યકિત નાતનો ખર્ચ ઉપાડી લેતા. (આજે પણ કેટલાંક ગામમાં આ પ્રથા છે તેની પણ નોંધ લેવી ઘટે જ.) અગાઉ વડીલોને નિમંત્રણ આપવામાં આવતું તેઓ ભોજનમાં સામેલ થતા નહીં પરંતુ ખાસ આ નાત (જ્ઞાતિગંગા કહેવાય)ના દર્શન કરવા આવતા. તેઓનું દૂધ કે પીણાથી સ્વાગત કરવામાં આવતું હતું. એક બે મહીના પહેલાં મીટીંગો થતી. જેને ઘેર હોય તેને ત્યાં ચા નાસ્તાની પણ રંગત જામતી. ઘરના બહેનો સૌના સ્વાગત માટે તત્પર રહેતાં. વડીલ સેવકો દ્વારા વિવિધ સમિતિઓને કાર્ય સોંપાય જતાં. તેઓનો પડયો બોલ ઝીલાતો. કિશોર અવસ્થાથી સૌને કોઇપણ કામ સોંપાય તેવું સૌ ઈચ્છતા. ઉમંગ અને ઉત્સાહ હતો. સેવકો (કાર્યકરો નહી!) વધી પડતા. પંગતમાં નીચે બેસીને જમવાનું. અને પીરસવા માટે તો પડાપડી થતી, યુવાનોની અમુક પંગતમાં પીરસવા માટે...!! મેનુ પણ નકકી જ રહેતું. મોહનથાળ કે લાડુ,ગાંઠીયા કે સેવ, દાળ-ભાત શાક. શીખંડ પછી આવ્યું-તે પણ બધું હાથોહાથ કરવા સૌ સમયસર પહોંચી જતાં અને તેથી સામાજીક સમસ્યાઓ ત્યાંજ ઉકલી જતી. આજે...!?

પોતે જ વિચારમંથન કરવાનું છે કે તે પોતે આજે કઈ કક્ષાએ છે અને જ્ઞાતિ માટે શું વિચારે છે..! અમે તો સમય સમયે આવતાં જ્ઞાતિસમાજના પરિવર્તનોને કલમ દ્વારા કુલ ૪૬ (મારાં ૨૨) વર્ષથી વાકેફ કરાવતા રહયા છીએ...! સામે આપનામાંથી ઘણા અમારાથી પણ તેટલા જ વર્ષથી વાકેફ છે.

હા, આજના સમય અને સમાજમાં આવાં આયોજન માટે જે યુવાનો,વડીલો સમય કાઢી જહેમત લે છે તે માટે તો ધન્યવાદ આપવા ઘટે જ છે. હવે સાંપ્રત સમયના પાટોત્સવનો વાંચો અહેવાલ...

ઉપરનો પહેલો ફોટોગ્રાફ ૧૯૭૦માં રાજકોટમાં સ્વ. મુ. રસિકભાઈ બક્ષી અને શાંતિભાઈ ધોળકિયાની રાહબરી હેઠળ થયેલ 'નાત'ની અબોટીયાંધારીઓની પંગતની ઝલકનો છે. બીજા રાજકોટ ખાતેના 'Patotsav-2010' **સમૂહ ભોજન અને શોભાયાત્રાના છે. વધુ ફોટા જોવા માટે** Log on...www.barchhi.com

રાજકોટ : ચૈત્ર સુદ-૧૪ તા. ૨૯/૩ના રોજ ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વર મહાદેવનો પાટોત્સવ ઉલ્લાસભેર ઉજવાયો. પૂરાણ પ્રસિધ્ધ હાટકેશ્વરમાં સવારે ૯થી૧૨ દરમ્યાન જ્ઞાતિજનો દ્વારા શ્રી ભરતભાઇના આચાર્યપદે લઘુરૂદ્ર પૂજન, સંક્ષિપ્ત રૂદ્રીના પાઠ કરવામાં આવેલ.

પંચનાથ મંદિરથી સાંજે ૬ વાગ્યે દાદાની શોભાયાત્રાનું શ્રી હાટકેશ્વર સંસ્થાનના ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ બુચ દંપત્તીએ ઈષ્ટદેવનું પૂજન કરી બેન્ડવાજા અને સૂત્રોચ્ચારના જયઘોષ સાથે પ્રસ્થાન કરાવેલ. પ્રતિવર્ષ મુજબ શ્રી રામભાઈ માંકડ પરિવાર તરફથી ઠંડાપીણાથી સૌનું સ્વાગત કરવામાં આવેલ. અબોટીયાંધારી બંધુઓ તથા બદલાતા સમયસંજોગોમાં અનેક કારણોસર શોભાયાત્રામાં થોડી ઓછી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરી રહેલ.આ વર્ષ બહેનો અને વિશેષ તો કુમારીકા તથા યુવાન બહેનો ઉત્સાહભેર જોડાયેલ અને બુલંદ અવાજે જયઘોષ પોકારતાં હતાં. ભજનોની પણ રમઝટ બોલાવી હતી. રસ્તામાં કેટલાક મહાનુભાવોએ ખાસ હાજરી આપી જયઘોષ બોલાવેલ તો શ્રધ્ધાળુ ભાઈઓ બહેનો પૂજન દર્શન કરી દાદાના આશીર્વાદ મેળવતાં હતાં. રૈયાનાકા ટાવર પાસેના તપકીરના વેપારી તરફથી દરવર્ષ મુજબ ઠંડક આપતા મધૂર વરીયાળીના શરબતથી સ્વાગત કરાયેલ.પાલખી હાટકેશ્વર પહોંચતાં બહેનોએ ગરબાની રમઝટ બોલાવેલ. જ્યાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ માંકડે પાલખીનું સ્વાગત કર્યા બાદ મહાઆરતીને અંતે પ્રતિવર્ષ મુજબ શ્રી નિખીલભાઈ રીંડાણી તરફથી પ્રસાદ લઈ સૌ વિખરાયેલ.

અવારનવાર મળતા જ્ઞાતિજનોનું સ્થળ એજ નાગર બોર્ડિંગ પરંતુ સમય રાત્રીના આઠ વાગ્યાનો અને રંગબેરંગી વસ્ત્રો, છૂટથી અલકમલકની વાતો સાથે ઉલ્લાસમય વાતાવરણ...આજે કાર ધરાવતા નાગરો પણ વધતા જાય છે તેથી આજ મુજબ કહીએ તો કોર્પોરેટ જગતની ડીનર મીટીંગ. હા, ફેર એટલો કે નાનો નોકરીયાત હોય કે ઉચ્ચ અધિકારી, વેપારી હોય કે ઉદ્યોગપતિ, ડોકટર કે વકીલ, કોર્પોરેટર કે કુલપતિ લાંબી કતારમાં ભેદભાવ વગર લાંબી કતારમાં ઉભી સૌએ પરસ્પર હળવા મળવાની મજા લીધેલ. વડીલો માટે ટેબલખુરશીની ભોજન વ્યવસ્થા હતી. સૌએ આ વખતે શુધ્ધ ઘીના લાડુ, ભજીયા સમેતની વાનગીઓના આસ્વાદ માણ્યો હતો. આયોજન શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિનું. કાર્યકરો વર્ષોવર્ષના એજ વડીલો અને યુવાનો. ખર્ચ સરભર થયાનું સમિતિના હિસાબમાં જણાવાયું છે.

મુંબઈ : અત્રેના જૂનાગઢ જીલ્લા ભ્રાતૃ મંડળના ઉપક્રમે તા. ૨૯/૪ના રોજ બોરીવલી ખાતે દાદાના પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સંસ્થાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં દરેક સભ્યોને નરસિંહ મહેતાની ભજનાવલિની સીડીની સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. ટ્રસ્ટીશ્રી હેમેન્દ્રભાઈ અવાશીયા તરફથી પણ સીડી ભેટ રૂપે આપવામાં આવેલ. અંતમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો અલ્પાહાર લઈ વિખરાયા હતા.

અમદાવાદ : શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના ઉપક્રમે તા. ૨૯/૪ના રોજ પાટોત્સવ પ્રસંગે શીવપૂજન તેમજ શીવવંદના-સંગીત સંધ્યા સાથે સ્નેહભોજનનું આયોજન નારણપુરામાં આવેલ ડી. કે. પટેલ હોલ ખાતે કરવામાં આવ્યું હતું.સાંજે ૪ થી ૫:૩૦ શાસ્ત્રોકત વિધિથી શીવપૂજન આરતી બાદ ડો. જયંત વસાવડા,કુ. હિતાર્થી બક્ષી, કુ. આનલ વસાવડા,દિવ્યાંગ વૈશ્નવ,શ્રીમતી ગૌરતીબેન વસાવડા તથા હેમાંગ ધોડાએ શીવભજનો રજૂ કરેલ.ત્યારબાદ સાંજે ૭:૩૦ વાગ્યે સમૂહભોજનનો આરંભ થયેલ. મંડળનો આ પાટોત્સવ લગ્નોત્સુકો માટે 'તરણેતરના મેળા' તરીકે ઓળખાય છે. જે યુવાનોએ સાર્થક પણ કરી બતાવતાં લગભગ ૧૨૦૦ જેટલા જ્ઞાતિજનોએ રસપુરી,બે ફરસાણ,બે શાક સાથેની વાનગીઓ માણી હતી. અન્ય શહેરોમાંથી ૫૦ ઉપરાંત બંધુઓ ખાસ આ પ્રસંગે આવેલ અને મંડળના આતિથ્યને માણેલ.કાર્યકરોની એકનિષ્ઠા અને સેવાભાવનાના ફલસ્વરૂપ આયોજન સફળતાને વરેલ અને આ થકી જ છેલ્લા ૬ માસમાંજ મંડળે વિવિધ ફંડોમાં ત્રણ લાખ રૂપિયા જેટલું ડોનેશન મળેલ છે.

આણંદ : શ્રી નાગર મંડળ, આણંદ દ્વારા હાટકેશદાદાના પાટોત્સવની તા.૨૯.૩.૨૦૧૦ના સોમવારના રોજ ધામધુમથી ઉજવણી કરવામાં આવેલ. સવારના ૯.૩૦ થી ૧૧.૦૦ રાધાકૃષ્ણ મંદીર ખાતે પૂજાનો કાર્યક્રમ રાખેલ તેમાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ.

લાયન્સ કલબ હોલ,આણંદ ખાતે સાંજના ૬.૦૦ થી રાત્રીના ૯.૦૦ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન જ્ઞાતિના સભ્ય ડો.મહેશભાઈ પાઠકના મુખ્ય મહેમાન પદે કરવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ હતાં.આ પ્રસંગે બાળકો,યુવાનો અને વડીલ સભ્યોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ, સાથે સાથે જ્ઞાતિના વરિષ્ઠ જ્ઞાતિજન ડો. ભૃગુકુમાર ભટ્ટનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૦-૧૨ની કારોબારીની રચના કરવામાં આવેલ. સમૂહભોજનના અંતે કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

આ તમામ કાર્યક્રમના આયોજનમાં જ્ઞાતિના પ્રમુખ શ્રી કમલનયન જોષીપુરા,મંત્રી શ્રી રોહીત ભાઈ હાથી, ઉપપ્રમુખ શ્રી પિયુષભાઈ વૈષ્ણવ,ખજાનચી શ્રી ભાવેશ ધોળકીયા, સહમંત્રી નિરવ વસાવડા, સાંસ્કૃતિક મંત્રી શ્રી નિકુંજભાઈ ભટ્ટ તેમજ અન્ય કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વડોદરા : સમસ્ત નાગર મંડળ (પશ્ચિમ) ના ઉપક્રમે દાદાના પ્રાગટયોત્સવની ઉજવણીના ભાગરૂપે તા. ૨૯/૪ના રોજ સુભાનપુરા અતિથિગૃહ ખાતે, નવનિયુકત ડે. કમિશ્નર(વેટ)ના શ્રી ભાર્ગવભાઈ માંકડની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ સમૂહભોજનમાં ૧૫૦૦ જેટલા બંધુઓએ રસપુરીના આસ્વાદ લીધો હતો.

નવસારી : દર વર્ષ મુજબ હાટકેશ્વર દાદાના પાટોત્સવ પ્રસંગે તા. ૨૯/૪ના રોજ શ્રી નાગર મંડળના ઉપક્રમે શહેરના સૌ જ્ઞાતિજનોએ 'સૌરસ' ખાતે એકત્ર થઈ સ્તુતિ,સ્તવન બાદ શ્રીખંડપુરીનો પ્રસાદ લીધેલ.

ભુજ : શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિ તથા વ. ના. વ્ય. મંડળના ઉપક્રમે પાટોત્સવપર્વની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૯/૪ના સવારે હાટકેશ્વર મંદિરમાં ૧૦ બટુકોને સમૂહમાં યજ્ઞોપવિત સંસ્કાર અપાયેલ. અને બટુકોને આશીર્વાદરૂપે જ્ઞાતિજનો તરફથી ઉદાર હાથે જાહેર થયેલ પ્રત્યક્ષ ભિક્ષા - ભેટ મંદિરના પરિસરમાં મંડળના હોદેદારોના હસ્તે આપવામાં આવી હતી. ત્યારબાદ દાદાની શોભાયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યમાં ભાવિકો જોડાયા હતા. શોભાયાત્રા દરમ્યાન મહિલા મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્તોત્રનું પઠન કરવામાં આવેલ.મુખ્ય માર્ગો પર ફરેલ યાત્રામાં ઠેર ઠેર પાલખીનું સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ. ડો. ઉર્મિલ એચ. હાથી અને શ્રીમતી પ્રતિક્ષા હાથીએ બીડું હોમેલ. સમગ્ર ધાર્મિક વિધી જ્ઞાતિગોર શ્રી જીતેન્દ્રભાઈ વોરાએ કરાવી હતી.

સાંજે હાટકેશ કોમ્પલેક્ષમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો, આમંત્રિત મહેમાનોએ હર હર મહાદેવ ના નાદ સાથે સમૂહ પ્રસાદભોજનનો લાભ લીધો હતો. દરેક સંસ્થાઓના હોદેદારો અને કાર્યકરોની જહેમતથી પરંપરાગત ધાર્મિક ઉત્સવ આનંદભેર ઉજવાયો હતો.

ભાવનગર : ઈષ્ટદેવનો પાટોત્સવ ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે ભાદેવાણીની શેરીમાં ભા'ના ડેલામાં આવેલ હાટકેશ્વર મહાદેવના મંદિરમાં ચાર દંપતીઓના યજમાન પદે અને શ્રી મહિપતભાઈ જોશીના આચાર્ય પદે શાસ્ત્રોકત વિધીપૂર્વક લઘુરૂદ્ર પૂજાનું આયોજન કરવામાં આવેલ. જેની પૂર્ણાહૂતી બાદ યોજાયેલ પ્રસાદીભોજનમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ શ્રીખંડ, પુરી, વાલની દાળ સમેતના મિષ્ઠ ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. ટ્રસ્ટીઓ, સભ્યો અને બંને મંત્રીઓની જહેમતથી આયોજન સફળતાને વરેલ.

-.- સમાચાર સંચય -.-

✪ **રાજકોટ :** શ્રી મધુકરભાઈ વૈશ્નવના નિવાસસ્થાન(શ્રધ્ધા બેંક ઓફ બરોડા કોલોની, એરપોર્ટ ફાટક પાસે) તા. ૧૫ એપ્રિલથી અમાસ સુધી સાંજના ૫ થી ૬ સુધી પુરૂષોત્તમ માસની કથા રાખવામાં આવેલ છે. કથાનું રસપાન જ્ઞાતિગોર શ્રી રમેશભાઈ આચાર્ય કરાવશે. ભાવિકોને લાભ લેવા આમંત્રણ છે.

✪ મુ. સાવિત્રીબેન બક્ષી તરફથી રોહિણીબેન બક્ષીના નિવાસસ્થાન-'શ્રી' રામેશ્વર ચોક, રામેશ્વર મંદિર પાસે-સાંજે ૫ થી ૬ દરમ્યાન ગુરૂવાર સત્સંગ મંડળ તરફથી પુરૂષોત્તમ માસની કથા રાખવામાં આવેલ છે.શાસ્ત્રીશ્રી જીવણભાઈ જોષી કથાનું રસપાન કરાવશે. લાભ લેવા સૌને આમંત્રણ છે.

✪ અત્રેના ડો. યુતિ વિભાકર અંજારીયા (MPT) એ જૂહુ ખાતે પોતાનું ફિઝીયોથેરાપી સેન્ટર શરૂ કર્યું.

✪ ચિ. રીયા હિરેન ઓઝાએ અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મુંબઈ દ્વારા લેવાયેલ ગાયન વિષયની પ્રવેશિકા પ્રથમ પરીક્ષા વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ કરી.

✪ અખિલ ભારત કક્ષાએ રાજ્યવાર કલાના અભ્યાસીઓ માટે યુ.જી.સી. દ્વારા લેવામાં આવતી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (એન.ઇ.ટી.)માં નૃત્યકલામાં એકમાત્ર વિદ્યાર્થીની કુ. દુલારી વિજયકર માંકડ ઉત્તીર્ણ થયાં.

✪ ક્રિસ્ટલ મોલમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા બિરેનકુમાર આર. બુચ દિલ્હી ખાતે વડાપ્રધાન, નાણામંત્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેમીનારમાં ભાગ લઈ આવ્યા.

✪ જૂનાગઢના હાટકેશ્વર મંદિરમાં સ્વ. વિદુલાબેન ચીમનલાલ નાણાવટીના સ્મર્ણાર્થે ચાંદીનો પાટલો અર્પણ કરવામાં આવ્યો.

✪ **જૂનાગઢ :** અખિલ ભારતીય હાટકેશ નાગર સંગઠનના પ્રમુખ કુ. મહાશ્વેતાબેન વૈદ્ય (ફોન: ૦૨૮૫- ૨૬૨૨૦૨૭) ની યાદી જણાવે છે કે જૂનાગઢ ખાતે તા. ૨૯/૫ અને ૩૦/૫ (શનિ-રવિવાર)ના રોજ સવારે ૧૦ વાગ્યાથી સમગ્ર ભારતમાં વસતા સમસ્ત જ્ઞાતિમાં ભાવનાત્મક એકતા કેળવવા તથા આ નરસિંહનગરમાં નાગરોનું સંગઠન રચવા સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. જ્ઞાતિના સંસ્કારોને અકબંધ રાખવામાં તથા મહિલાઓના નિર્ણયો સુદ્રઢ કરવા મહિલા સંમેલન યોજાશે. વ્યકિતગત રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦ નિયત કરવામાં આવી છે. વધુ માહિતી માટે તેઓનો સંપર્ક કરવા વિનંતી છે.

✪ **ભાવનગર :** અત્રેની સંસ્થા શ્રી હાટકેશ મિત્ર મંડળ તરફથી ૩૧/૫/૧૦ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર વડીલ દંપત્તીઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ ઓગષ્ટ માસમાં યોજાનાર છે. ભાવનગર તેમજ ગુજરાતના અન્ય સ્થળોએ તથા મુંબઈ વસતાં દંપત્તીઓએ તેમના નામ શ્રી શૌનક મહેતા, કે. કે. વિલા, આંબાવાડી,ભાવનગર ખાતે તા. ૨૫/૭/૧૦ સુધીમાં નોંધાવી દેવા અને સાથે ફોટોગ્રાફ મોકલવા જણાવાયું છે.

(વડીલો આ સન્માનમાં જોડાઈને તેઓના ૫૦ વર્ષના સહજીવનમાં આવેલ સુખ દુઃખ, સંયુકત કુટુંબમાં ટૂંકી આવક છતાં નિભાવેલ (ઘણા) સંતાનોના ઉછેર, અનેક જવાબદારીઓનો સામનો કરી વિતાવેલ આનંદીત જીવન, દેખાવ, અભ્યાસ, જીવનશૈલી, વગેરે અનેક બાબતોમાં કરાતી પરસ્પરની બાંધછોડ(એડજેસ્ટમેન્ટ)ના અનુભવો આ તકે જણાવશે તો આજની યુવાપેઢી માટે પ્રેરક નીવડશે. કારણ આજે આપણી જ્ઞાતિમાં પણ છૂટાછેડાનું પ્રમાણ વધી રહયું છે અને ઘણા કિસ્સામાં તો કોઇ જ ઠોસ કારણ વગર '૫૦ દિવસ'માં પણ છૂટાછેડા થઈ રહયા છે ! ત્યાં આજની પેઢીને ૫૦ વર્ષ તો એક યુગ લાગેને..!?)

✪ **જામનગર :** શ્રી નાગર મહીલા મંડળની મીટીંગ પ્રો. ઉર્મિબેન મહેતાના નિવાસસ્થાને તા. ૨૦/૩ના રોજ યોજાયેલ જેમાં પરોઠા સ્પર્ધા, ડીઝાઇનર સાડીપાલવ સ્પર્ધા રાખવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અનુસંધાને શ્રીમતી દર્શાંગીબેન પંડયા, કુંજલતાબેન માંકડ,દીપિકાબેન માંકડે નારીરત્નો વિશેના લેખોનું સંકલન રજૂ કર્યું હતું. આ જ દિવસે સ્પેરો ડેની ઉજવણી કરવામાં આવી હતી. અને અનેક રાજકીય મહાનુભાવોના હસ્તે ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેને કેબલ નેટવર્ક પર પ્રસિધ્ધ કરવામાં આવેલ. અંતમાં ભેળ આઈસ્ક્રીમને ન્યાય આપી સૌ વિખરાઈ ગયેલ.

✪ તા. ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અનુસંધાને જામનગરની મહિલા બેંકના પરિસંવાદના કાર્યક્રમમાં સામાજીક સંસ્થાઓના સન્માન અંતર્ગત શ્રી નાગર મંડળના રશ્મિબેન પોટા, સોનલબેન નાણાવટી તથા પ્રો. ઉર્મિબેન મહેતાનું લેખક શ્રી જય વસાવડાના હસ્તે મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

✪ શ્રી ઇન્દ્રવદન પી. બુચ (વડોદરા)મધુબેન-સૌ. મીતા (મુંબઈ) તથા શ્રી વિરેન્દ્ર આઇ. માંકડ (જામનગર) સહપરિવાર દસ દિવસના કેરાલાના પ્રવાસે જઈ આવ્યા.

✪ અત્રેની સખી કલબ-૨માં શ્રીમતી સોનલબેન નાણાવટીની સેક્રેટરી તરીકે તથા ડિલાઇટ કલબમાં કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી.આ ઉપરાંત તેઓ અત્રેના સાંધ્ય દૈનિક 'ભૂમિ'માં જ્યુરી તરીકે પસંદગી પામ્યાં.

✪ મુંબઈના જાણીતા કોરીયોગ્રાફર શ્રી સંદીપ પ્રકાશ મંકોડી ઇન્ડીયન ફોક ડાન્સીઝને યુનેસ્કોના મંચ ઉપર યુરોપના વિવિધ દેશોમાં પ્રદર્શિત કરી આવ્યા બાદ ફરી ૩૫ બાળકો અને કવન મંકોડીના ગ્રુપ સાથે આ કલાના પ્રદર્શન માટે પેરીસ કેરો તથા ઈસ્તમ્બુલના પ્રવાસ માટે તા.૨૩/૪ના રોજ પ્રસ્થાન કરશે.

✪ **સિહોર :** અત્રેના સેવાભાવી તબીબ સ્વ. ડો. જનુભાઈ દેસાઈની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે વિના મૂલ્યે દંતયજ્ઞ યોજાયો. જેમાં ૧૫૪ દરદીઓને સારવાર આપવામાં આવેલ.

✪ ડો. દેસાઈ પરિવાર દ્વારા 'યુરોપ પ્રવાસના સંસ્મરણો' પુસ્તક પ્રકાશિત થયું.

✪ **ભાવનગર :** અત્રેના શ્રી પી. બી. અંતાણી તથા હરીશ બી. અંતાણી તરફથી જામખંભાળીયાના ધીગેશ્વર મહાદેવ ખાતે સવારે ૧૦ થી૧ સુધી છ બ્રાહ્મણોના શુધ્ધ ઉચ્ચારો અને શાસ્ત્રોકત વિધિપૂર્વક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું.ખાસ બસ દ્વારા જોડાયેલ ૫૦ સગા સ્નેહીઓએ થાળ ધરી પ્રસાદભોજન લઈ પરત ફરેલ.

✪ **અમદાવાદ :** શ્રી રાજન બી. મંકોડી વેચાણ વેરા ખાતામાં નાયબ કમિશ્નર તરીકે ભાવનગરથી અત્રે બદલાયા.

✪ શ્રી દેવાંશુ એસ. દેસાઈએ અમદાવાદ તથા ઔરંગાબાદ ખાતેની સાયકોલોજીની નેશનલ કોન્ફરન્સમાં ભાગ લીધો.

✪ જીજ્ઞેશ કમળકાંત વસાવડા પૂના ખાતે આઈસીઆઈસી-વેન્ચરના પ્રાઇવેટ ઈકવીટી ડીવીઝનમાં વી. પી. તરીકે બેંગલોર ખાતે જોડાયા.

✪ કુ. હિરલ દેવાંશુ કચ્છીએ એપોલો હોસ્પિટલ-ગાંધીનગર ખાતે HRD ઓફીસર તરીકે બઢતી મેળવી.

✪ **વડોદરા :** અત્રે જીઇબી(જીએસઈસીએલ)માં એકઝીકયુટીવ એન્જીનીયર તરીકે કાર્યરત શ્રી મૃગેન મહેશભાઈ માંકડને વડોદરા ખાતે જ સુપ્રિ. એન્જીનીયર તરીકે બઢતી મળી.

✪ કુ. ધ્રુવણ હીતેનભાઈ ધોળકિયાએ શાળાના વાર્ષિકોત્સવમાં મધર્સ ડે ઉપર સમૂહનૃત્યમાં ભાગ

લઈ સતત ચાર દિવસમાં નવ વખત સ્ટેજ ઉપર ડાન્સ રજૂ કર્યો.

✪ સમસ્ત નાગર મંડળ (પશ્ચિમ) ના ઉપક્રમે વડોદરા સ્થિત જ્ઞાતિજનોની ડિરેક્ટરી તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંગેના ફોર્મ જ્ઞાતિ કાર્યકરો પાસેથી મેળવી તા. ૩૧/૫ સુધીમાં પરત કરવા જણાવાયું છે.

✪ ચિ. કુષિત વાલ્મિકભાઈ બુચે તાજેતરમાં યોજાયેલ ઈન્ટરનેશનલ સાયન્સ ઓલિમ્પીયાડની ગાણિતીક પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી સૂવર્ણચંદ્રક મેળવ્યો.

✪ શ્રી અશોકભાઈ અંજારીયાએ શાંતિભાઈના કાર્યકાળમાં બરછીને સેવા આપી હતી આજે તેઓના માર્ગદર્શન તળે તેમના પુત્ર પ્રતીક અંજારીયા પ્રતિનિધી તરીકે ઉત્સાહભેર કાર્યરત છે. બરછીને જણાવતાં હર્ષ થાય છે કે તેઓ સપરિવાર ૬ માસના અમેરીકાના પ્રવાસે ગયેલ છે. જ્યાં પણ તેઓએ બરછીનો પ્રચાર પ્રસાર કરવાની જવાબદારી સહર્ષ ઉપાડી છે.

✪ ધો. ૬માં અભ્યાસ કરતા તેજોય ધવલ વછરાજાનીએ વર્ષ ૦૯-૧૦ દરમ્યાન નેશનલ ઈન્ટરેકટીવ સાયન્સ ઓલમ્પિયાડમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ, ઓલ ઈન્ડીયા રેન્કમાં ચોથું, અને શાળામાં પ્રથમ સ્થાન બદલ તથા ઈન્ટરનેશનલ મેથ્સ ઓલમ્પિયાડમાં સ્કૂલ ફર્સ્ટ રેન્ક બદલ ગોલ્ડમેડલ્સ મેળવ્યા. બોર્નવિટા કવીઝ કોન્ટેસ્ટમાં ગોલ્ડમેડલ મેળવી તેમની શાળા'સંત કબીર'નું પ્રતિનિધિત્વ કરી સમગ્ર વડોદરામાં ચોથું સ્થાન હાંસલ કરાવેલ.

✪ **મુંબઈ :** ટૂંક સમય પહેલાં અ.ભા.ના.પરિષદની વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨ સુધીની કારોબારીમાં પ્રમુખ તરીકે શ્રી ચંપકલાલ અમૃતલાલ જોષી, ઉપપ્રમુખ-શ્રી નલિનકાંત વેણીશંકર વત્સરાજ તથા શ્રી સુભાષ નટવરલાલ મહેતા,માનદમંત્રી - શ્રી પ્રકાશ આર. મહેતા, કોષાધ્યક્ષ - શ્રી જયકાંત યુ. વોરાની વરણી કરવામાંઆવી. **(સ્થળ સંકોચને કારણે ઘણા બધા સમચારો આવતા અંકમાં સ્થાન પામશે-તંત્રી)**

પાટોત્સવ અહેવાલ...

જામખંભાળીયા : દર વર્ષની જેમ ચૈત્ર સુદ ૧૪ના રોજ પાટોત્સવ નિમિત્તે આ દિવસના યજમાન શ્રી વદનકુમાર એ. ઢેબરના સંર્પૂણ સૌજન્યથી હાટકેશ મંદિરમાં સવારના ૯:૩૦ થી ૧:૩૦ લઘુરૂદ્રનું પઠન અને રૂદ્રીનું આયોજન કરાયેલ. મંદિરને રોશનીથી શણગારી ફૂલપૂજા ભરવામાં આવી હતી. ઉપસ્થિતોનું આઈસ્ક્રીમથી સ્વાગત કરવામાં આવેલ. સાંજે થાળ આરતી બાદ આગવી પરંપરા મુજબ પાટલા ઉપર બેસી અબોટીયાના પરિધાન સાથે લગભગ ૧૦૦ જેટલા બંધુઓએ રસપુરી, દૂધીનો હલવો, બટેટાવડા સાથેના સ્વાદિષ્ટ પ્રસાદભોજનનો અને દર વર્ષ મુજબ રોહિણીબેન ઓઝા તરફથી પાનના બીડાંનો લ્હાવો લીધો હતો.

પોરબંદર : દર વર્ષ મુજબ ઉલ્લાસભેર પાટોત્સવ ઉજવાયો.દાદાના પૂજન અર્ચન બાદ જ્ઞાતિજનોએ સમૂહભોજનનો આનંદ માણેલ.આ વર્ષે ભોજનનો ખર્ચભાર અત્રેના હાલ કોલ્હાપુર સ્થિત શ્રી ઉમાંકાંત ભાઈ વસાવડા પરિવારે ઉપાડી નાત માટે સૌજન્યતા દાખવેલ.

જામનગર : ખાતે ધામધુમથી પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. સવારે ૮ : ૩૦ વાગ્યે શ્રી મધુભાઈ ધોળકિયાના યજમાન પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ. સાંજે નાગરપરામાં આવેલ જ્ઞાતિની વાડીથી હાટકેશ્વર મંદિર સુધી અબોટીયાંધારી ભાઇઓ, સાડી, ડ્રેસમાં સજ્જ બહેનોની વિશાળ સંખ્યામાં બેન્ડવાજાં અને ૐ નમ: શિવાય, શંકરને પાર્વતીની ધૂન,ગરબાની રમઝટ સાથે શોભાયાત્રા નીકળી હતી. હાટકેશ્વરમાં મહાઆરતી બાદ સ્વૈચ્છિક અનુદાનથી નાગરપરા ખાતે યોજાયેલ સમૂહભોજનમાં ૧૦૦૦ જેટલા જ્ઞાતિજનો હોંશભેર જોડાયા હતા.આયોજનને સફળ બનાવવા પ્રમુખ શ્રી હેમપુષ્પભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ કારોબારી અને પાટોત્સવ સમિતિના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમોનું ટીવી વર્તમાનપત્રોએ પણ કવરેજ આપેલ.

ઉના : હાટકેશ જયંતિ નિમિત્તે સાંજે ૭ વાગ્યે સૌ હાટકેશ્વર મહાદેવ મંદિરમાં એકત્ર થઈ દર્શન આરતી બાદ કનકેશ્વર માતાના મંદિર ખાતે યોજવામાં આવેલ સમૂહજમણમાં પહોંચેલ, જ્યાં શીખંડ,પુરી બટેટાંવડાંનો રસાસ્વાદ માણી છૂટાં પડેલ.